Memorial Sloan Kettering
Cancer Center

દર્દી અને સંભાળદાતા શિક્ષણ

તમારા જેક્સન-પ્રેટ ડ્રેનની સંભાળ

આ માહિતી તમે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થાઓ ત્યારે તમારા જેક્સન-પ્રેટ ડ્રેઇનની સંભાળ કેવી રીતે રાખવી તે સમજાવે છે. તમને નીચેનો વિડિયો જોવાથી પણ મદદ મળી શકે છે.

Please visit www.mskcc.org/gu/cancer-care/patient-education/video/how-care-your-jackson-pratt-drainage-system to watch this video.

તમારા જેક્સન-પ્રેટ ડ્રેઇન વિશે

તમારા જેક્સન-પ્રેટ ડ્રેનમાં સ્ટોપર ધરાવતું નરમ પ્લાસ્ટિકનું બલ્બ અને તેની સાથે જોડાયેલી લવચીક ટ્યુબ હોય છે (આકૃતિ 1 જુઓ). ટ્યુબનો ડ્રેનેજવાળો છેડો (સફેદ સપાટ ભાગ) તમારી ઇન્સશર્ન સાઇટ દ્વારા તમારા સર્જિકલ સાઇટમાં જાય છે. ઇન્સશર્ન સાઇટ એ તમારા ચીરાની નજીક આવેલું એક નાનું છિદ્ર છે.



આકૃતિ 1. જેક્સન-પ્રેટ ડ્રેઇન

એક ટાંકો (સ્યૂચર) ડ્રેનેજના છેડાને તેની જગ્યાએ જકડી રાખે છે. બાકીની ટ્યુબ તમારા શરીરની બહાર નીકળે છે અને બલ્બ સાથે જોડાયેલી હોય છે.

જ્યારે સ્ટોપર લગાવીને બલ્બને દબાવવામાં (સ્ક્વીઝ કરવામાં) આવે છે, ત્યારે તે સતત હળવું ખેંચાણ (સક્શન) ઊભું કરે છે. બલ્બ હંમેશા દબાવેલી સ્થિતિમાં રહેવો જોઈએ, સિવાય કે જ્યારે તમે ડ્રેનેજ ખાલી કરી રહ્યા હોવ.

દરેક વ્યક્તિનું ડ્રેનેજ અલગ-અલગ હોય છે. કેટલાક લોકોને વધુ ડ્રેનેજ થાય છે, જ્યારે કેટલાકને ઓછું ડ્રેનેજ થાય છે. આ સંસાધનના અંતે આપેલા ડ્રેનેજ લોગમાં તમારા ડ્રેનેજનું પ્રમાણ નોંધો. તમારા ફોલો-અપ એપોઇન્ટમેન્ટ્સ વખતે તમારો લોગ સાથે લાવવો.

તમારે જેક્સન-પ્રેટ ડ્રેઇન કેટલો સમય રાખવો પડશે તે તમારી સર્જરી અને તમારા ડ્રેનેજના પ્રમાણ પર આધાર રાખે છે. જો તમારું ડ્રેનેજ 24 કલાકના સમયગાળામાં 30 મિલીલીટર (mL) કે તેથી ઓછું હોય, તો તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાને કોલ કરો. તમારા સર્જન અમુક ચોક્કસ પ્રક્રિયાઓ માટે તમારું જેક્સન-પ્રેટ ડ્રેઇન કાઢી શકે છે અથવા તેને વધુ સમય માટે રાખી પણ શકે છે

જેક્સન-પ્રેટ ડ્રેઇનની સંભાળ કેવી રીતે રાખવી

જ્યારે તમે હોસ્પિટલમાંથી રજા લો, ત્યારે તમારા જેક્સન-પ્રેટ ડ્રેઇનની સંભાળ આ રીતે રાખો:

- ગંઠાયેલા પ્રવાહીને આગળ ધપાવવામાં મદદ કરવા માટે તમારી ટ્યુબને હળવેથી દબાવીને આગળ સરકાવવી.
- તમારો ડ્રેન દિવસમાં 2 વખત ખાલી કરો. આવું દિવસમાં એકવાર સવારે અને એકવાર સાંજે કરો. આ સંસાધનના અંતે આપેલા જેક્સન-પ્રેટ ડ્રેનેજ લોગમાં ડ્રેનેજની માત્રા નોંધો. જો તમારી પાસે એક કરતાં વધુ ડ્રેન હોય, તો દરેક ડ્રેનમાંથી નીકળેલા ડ્રેનેજની માત્રા અલગ-અલગ માપો અને નોંધો. તેમને એકસાથે ઉમેરીને નોંધશો નહીં.
- તમારી ઇન્સર્શન સાઇટની (ડ્રેન નાખેલી જગ્યા) સંભાળ.

- સમસ્યાઓ માટે તપાસ કરવી.

તમારી ટ્યુબને હળવેથી દબાવીને આગળ સરકાવો.
આ પગલાં તમારી ટ્યુબમાં બનેલા ગંઠાયેલા પર્વાહીને આગળ ધપાવવામાં અને ડર્ેનેજનો પર્વાહ ચાલુ રાખવામાં મદદ કરશે. ડર્ેનેજ ખાલી કરવા અને તેની માતર્ા માપવા માટે સ્ટોપર ખોલતા પહેલાં તમારી ટ્યુબને હળવેથી દબાવીને આગળ સરકાવો. જો તમને તમારી ઇન્સશર્ન સાઇટની આસપાસ પર્વાહી લીક થતું દેખાય, તો પણ આ પર્કિર્યા કરો.

શરૂઆત કરતા પહેલાં, જરૂરી સામગર્ી એકતર્ કરો. તમને નીચેની વસ્તુઓની જરૂર પડશે:

- તમારા નસેર્ તમને આપેલું માપન પાતર્.
- આલ્કોહોલ પેડ.
- તમારો જેક્સન-પર્ેટ ડર્ેનેજ લોગ અને એક પેન અથવા પેન્સિલ.

1. તમારા હાથ સાફ કરો.
    - જો તમે સાબુ અને પાણીથી તમારા હાથ ધોઈ રહ્યા છો, તો તમારા હાથ ભીના કરો અને તેના પર સાબુ લગાવો. તમારા હાથને 20 સેકન્ડ માટે એકસાથે ઘસો, પછી સાબુ ધોઈ નાખો. તમારા હાથને નિકાલજોગ ટુવાલ વડે સૂકવો. તે જ ટુવાલનો ઉપયોગ નળ બંધ કરવા માટે કરો.
    - જો તમે આલ્કોહોલ આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરી રહ્યા હો, તો તે તમારા બંને હાથ પર સારી રીતે લગાવો. ત્યારબાદ તમારા હાથ સૂકા થઈ જાય ત્યાં સુધી તેમને એકબીજા સાથે ઘસો.
2. અરીસામાં તમારી ડર્ેનની ટ્યુબને જુઓ. આ તમને તમારા હાથ ક્યાં રાખવાના છે તે જોવા માટે મદદ કરશે.

3. તમારા અંગૂઠા અને તજર્ની વડે ટ્યુબને જ્યાં તે તમારી ત્વચામાં દાખલ થાય છે તેની નજીકથી પકડીને દબાવો. ટ્યુબ પર તમારી આંગળીઓ સરળતાથી નીચે સરકાવવા માટે તમે આલ્કોહોલ વાઇપ્સનો ઉપયોગ કરી શકો છો. ટ્યુબને હળવેથી દબાવીને આગળ સરકાવવાની પર્ક્રિયા દરમિયાન આ હાથને એ જ જગ્યાએ રાખો. આ હાથને એ જ જગ્યાએ રાખવાથી તમારી ત્વચા પર ખેંચાણ નહીં પડે, જેનાથી દુખાવો થઈ શકે છે.
4. તમારા બીજા હાથના અંગૂઠા અને તજર્ની વડે, તમારા પહેલા હાથની આંગળીઓની બરાબર નીચે ટ્યુબને દબાવીને પકડો. તમારી આંગળીઓથી ટ્યુબને દબાવી રાખીને, તેને ટ્યુબની નીચેની તરફ ધીમે-ધીમે સરકાવો. ટ્યુબમાં બનેલા કોઈપણ ગંઠાયેલા પર્વાહીને બલ્બ તરફ ધીમે-ધીમે આગળ ધપાવો.

ટ્યુબમાંના ગંઠાયેલા પર્વાહીને બલ્બ સુધી પહોંચાડવા માટે જરૂર પડે તેટલી વખત પગલાં 3 અને 4નું પુનરાવતર્ન કરો. જો તમે ટ્યુબમાંનો ગંઠાયેલો પર્વાહી બલ્બ સુધી પહોંચાડી શકતા ન હો અને બલ્બમાં બહુ ઓછું અથવા બિલકુલ ડર્ેનેજ ન થતું હોય, તો તમારા આરોગ્ય સંભાળ પર્દાતાને સંપકર્ કરો.

તમારો જેક્સન-પર્ેટ ડર્ેન ખાલી કરો.

બધા ગંઠાયેલા પર્વાહી બલ્બમાં પહોંચી જાય પછી, બલ્બ ખાલી કરવા માટે તૈયાર થાઓ. ખાતરી કરો કે તમારી પાસે કામ કરવા માટે સ્વચ્છ જગ્યા છે. તમે આ તમારા બાથરૂમમાં અથવા સૂકી અને અવ્યવસ્થિત ન હોય તેવી સપાટી ધરાવતી જગ્યાએ કરી શકો છો.

જો તમે સજિર્કલ બર્ા અથવા રૅપ પહેયાર્ હો, તો ડર્ેનેજ બલ્બ તેની સાથે જોડાયેલો હોય તો પહેલાં તેને અલગ કરો.

તમારો જેક્સન-પર્ેટ ડર્ેન ખાલી કરવા માટે નીચેની સૂચનાઓનું પાલન કરો:

1. બલ્બની ઉપરનો સ્ટોપર ખોલો. આ કરવાથી બલ્બ ફરી ફૂલશે. સ્ટોપરની અંદરની

બાજુ અથવા બલ્બના ખુલ્લા ભાગની અંદરની સપાટીને સ્પશર્ કરશો નહીં.

2. બલ્બને ઊંધો કરો અને તેને હળવેથી દબાવો. ડરે્નેજને માપવાના વાસણમાં રેડો (આકૃતિ 2 જુઓ).



આકૃતિ 2. બલ્બ ખાલી કરવો

3. બલ્બને ફરી સીધી સ્થિતિમાં કરો. બલ્બને એટલો દબાવો કે તમારી આંગળીઓને તમારી હથેળીનો સ્પશર્ થાય. બલ્બની અંદરની બધી હવા બહાર નીકળી જવી જોઈએ.

4. સ્ટોપર ફરીથી બંધ કરતી વખતે બલ્બને દબાવી રાખો. ખાતરી કરો કે બલ્બ સંપૂણર્પણે દબાયેલી સ્થિતિમાં જ રહે, જેથી સતત હળવું ખેંચાણ જળવાઈ રહે. ડરે્ન યોગ્ય રીતે કાયર્ કરે તે માટે સ્ટોપર સંપૂણર્પણે બંધ હોવો જરૂરી છે.

5. જો તમે સજિર્કલ બર્ા અથવા રૅપ પહેયાર્ હો, તો ડરે્નેજ બલ્બને ફરીથી તેની સાથે જોડો. નીચેના ભાગમાં રહેલા પ્લાસ્ટિક લૂપ અથવા વેલ્કર્ો® સ્ટરે્પનો ઉપયોગ કરો. ડરે્નને લટકતું ન રહેવા દો. તમારા ડરે્નને ફૅની પૅક અથવા બેલ્ટ બૅગમાં રાખવું મદદરૂપ થઈ શકે છે.

6. માપવાના વાસણમાં રહેલા ડરે્નેજની માતર્ા અને રંગ તપાસો. સજર્રી પછીના

પહેલા થોડા દિવસોમાં, પર્વાહીનો રંગ ઘેરો લાલ હોઈ શકે છે. આ સામાન્ય છે. જેમ જેમ રૂઝ આવતી જશે, તે ગુલાબી અથવા આછા પીળા રંગનું દેખાઈ શકે છે.

7. તમારા જેક્સન-પર્ેટ ડર્ેનેજ લોગમાં ડર્ેનેજનું પર્માણ (mLમાં) અને તેનો રંગ લખી લો.
8. ડર્ેનેજને શૌચાલયમાં ફ્લશ કરી દો અને માપવાના વાસણને પાણીથી ધોઈ લો.
9. દરેક દિવસના અંતે, દિવસ દરમિયાન એકતિર્ત થયેલા કુલ ડર્ેનેજના પર્માણનો સરવાળો કરો. ડર્ેનેજ લોગની છેલ્લી કૉલમમાં તેની માતર્ા લખો. જો તમારી પાસે 1 કરતાં વધુ ડર્ેન હોય, તો દરેક ડર્ેનનું માપ અલગથી લો અને તેની નોંધ અલગથી કરો. તેમને એકસાથે ઉમેરીને નોંધશો નહીં.

તમારી ઇન્સશર્ન સાઇટની કેવી રીતે સંભાળ રાખવી

ચેપના લક્ષણો ચકાસો.

ડર્ેનેજ ખાલી કયાર્ પછી તમારા હાથ ફરીથી સાફ કરો. તમારી ઇન્સશર્ન સાઇટની આસપાસ ચેપના લક્ષણો ચકાસો, જેમ કે:

- સ્પશર્ કરવાથી દુખાવો થવો.
- સોજો.
- પરુ.
- ગરમ લાગવું.
- સામાન્ય કરતાં વધુ લાલાશ. કેટલીકવાર ડર્ેઇનના કારણે તમારી ઇન્સશર્ન સાઇટ આસપાસ સિક્કા (ડાઇમ) જેવડી લાલાશ થઈ શકે છે. આ સામાન્ય છે.

જો તમને આમાંથી કોઈપણ લક્ષણ હોય અથવા 101° F (38.3° C) કે તેથી વધુ તાવ હોય, તો તરત જ તમારા આરોગ્ય સંભાળ પર્દાતાનો સંપકર્ કરો. તેઓ તમને તમારી ઇન્સશર્ન સાઇટ પર પટ્ટી (બેન્ડેજ) બાંધવાનું કહી શકે છે.

તમારી ઇન્સશર્ન સાઇટને સ્વચ્છ રાખો.

તમારી ઇન્સશર્ન સાઇટને સાબુ અને પાણીથી ધોઈને સ્વચ્છ રાખો અને પછી તેને હળવેથી થપથપાવીને સૂકવીને સૂકી રાખો.

જેકસન-પરેટ ડરેન સાથે થતી સામાન્ય સમસ્યાઓ

સમસ્યા	કારણ
• બલ્બ દબાયેલી સ્થિતિમાં નથી.	• બલ્બને પૂરતી મજબૂતીથી દબાવવામાં આવ્યો નથી. • સ્ટોપર સુરક્ષિત રીતે બંધ કરવામાં આવ્યો નથી. • ટ્યુબિંગ તેની જગ્યાએથી ખસી ગયું છે અને તેમાંથી લીકેજ થઈ રહ્યું છે. **શું કરવું** • આ સંસાધનના "તમારો જેક્સન-પરેટ ડરેન કેવી રીતે ખાલી કરવો" વિભાગમાં આપેલા પગલાંને અનુસરીને બલ્બને દબાવો. • ઉપરના પગલાં અનુસયાર્ પછી પણ જો બલ્બ ફૂલેલી સ્થિતિમાં રહે, તો તમારા આરોગ્ય સંભાળ પર્દાતાનો સંપકર્ કરો. જો આ ઓફિસના કામકાજના સમય પછી થાય, તો બીજા દિવસે ફોન કરો.

સમસ્યા નીચેની પરિસ્થિતિ છે: • ડ્રેનેજ થતું નથી. • ડ્રેનેજની માત્રામાં અચાનક ઘટાડો. • ટ્યુબની ઇન્સશર્ન સાઇટની આસપાસ અથવા ટ્યુબ પર લગાવેલી પટ્ટી પર થતું ડ્રેનેજ (પ્રવાહી ઝરવું).	**કારણ** • કેટલીકવાર દોરા જેવા લોહીના ગંઠા ટ્યુબિંગની અંદર એકઠા થઈ જાય છે. આ ડ્રેનેજના પ્રવાહને અવરોધી શકે છે **શું કરવું** • આ સંસાદનના “મિલ્ક યુઅર ટ્યુબિંગ” (ટ્યુબમાંથી પ્રવાહી આગળ ધકેલવું) વિભાગમાં આપેલા પગલાંનો ઉપયોગ કરીને તમારી ટ્યુબને મિલ્ક (નરમાશથી દબાવીને સાફ) કરો. • જો ડ્રેનેજના પ્રવાહમાં કોઈ વધારો ન થાય, તો તમારા આરોગ્યસંભાળ પ્રદાતાનો સંપકર્ કરો. જો આ ઓફિસના કામકાજના સમય પછી થાય, તો બીજા દિવસે ફોન કરો.
સમસ્યા • ટ્યુબિંગ તમારી ઇન્સશર્ન સાઇટમાંથી બહાર નીકળી જાય.	**કારણ** • જો ટ્યુબિંગ ખેંચાય, તો આવું થઈ શકે છે. આવું ભાગ્યે જ થાય છે, કારણ કે ટ્યુબિંગને ટાંકા વડે તેની જગ્યાએ સુરક્ષિત રીતે રાખવામાં આવે છે. **શું કરવું** • તે જગ્યા પર નવી પટ્ટી (બેન્ડેજ) બાંધો અને તમારા આરોગ્યસંભાળ પ્રદાતાનો સંપકર્ કરો.
સમસ્યા • તમારી ઇન્સશર્ન સાઇટની આસપાસ સિક્કા (ડાઇમ) કરતાં વધુ મોટો લાલ ચઠ્ઠો, સોજો, ગરમી અથવા પરુ હોય.	**કારણ** • આ ચેપના લક્ષણો હોઈ શકે છે. **શું કરવું** • તમારું શરીરનું તાપમાન માપો. તમારા આરોગ્યસંભાળ પ્રદાતાને કોલ કરો અને તમારી ઇન્સશર્ન સાઇટની આસપાસના ચેપના લક્ષણો વિશે જણાવો. જો તમને 101 °F (38.3 °C) અથવા તેથી વધુ તાવ હોય, તો તેમને જણાવો.

તમે પહેલીવાર ડર્નેજ ખાલી કરો ત્યારે તમે તે યોગ્ય રીતે કરી રહ્યા છો કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે તમારા નસર્ તમારું નિરીક્ષણ કરશે. એકવાર તમે તમારા જેક્સન-પરેટ ડર્નની સંભાળ રાખવા માટે સક્ષમ બની જશો, ત્યારથી તમે તેની સંભાળ જાતે જ રાખશો. તમે તેની સંભાળ જાતે લેવાનું શરૂ કયાર્ પછી પણ, જરૂર પડે ત્યારે તમે હંમેશા મદદ માગી શકો છો. જો તમને તમારા જેક્સન-પરેટ ડર્નની સંભાળ રાખવામાં કોઈપણ મુશ્કેલી થાય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કરો.

તમારી ડર્ન કાઢી નાખ્યા પછી તમારી ત્વચાની સંભાળ કેવી રીતે રાખવી

તમારા આરોગ્યસંભાળ પર્દાતા તમારી ડર્ન દૂર કરશે. તેઓ તમારી ઇન્સશર્ન સાઇટ પર પાટો લગાવશે. તમારી ઇન્સશર્ન સાઇટ અને તેની આસપાસનો વિસ્તાર સ્વચ્છ અને સૂકો રાખો. આ તમારી ત્વચાને ઝડપથી રુઝાવવામાં, ચેપ રોકવામાં અને રાહત મેળવવામાં મદદ કરશે.

જો તમારી પુનઃરચનાત્મક સજર્રી થઈ હોય, તો તમારો ડર્ન દૂર કયાર્ પછી તમારી ત્વચાની સંભાળ રાખવાની રીત અલગ હશે.

પુનઃરચનાત્મક સજર્રી વિના તમારી ત્વચાની સંભાળ

જો તમારી પુનઃરચના (રીકન્સ્ટર્ક્શન) વગર સજર્રી થઈ હોય, તો ડર્ન દૂર કયાર્ પછી નીચે આપેલી સૂચનાઓનું પાલન કરો:

- 24 કલાક પછી પાટો દૂર કરો.
- જ્યાં સુધી તમારી ચીરાની જગ્યા પૂરેપૂરી રુઝાઈ ન જાય અને તેમાંથી પાણી કે પર્વાહી નીકળવાનું બંધ ન થાય, ત્યાં સુધી તેને પાણીથી દૂર રાખો. પાટો દૂર કયાર્ પછી તમે સ્નાન કરી શકો છો, પરંતુ બાથટબમાં અથવા સ્વિમિંગ પૂલમાં પાણીમાં ડૂબીને ન રહો.
- તે જગ્યાને સાબુથી હળવા હાથે ધોઈ લો. તે જગ્યાને ગરમ પાણીથી ધોઈ લો,

પછી તેને હળવેથી થપથપાવીને સૂકવી લો.

- જરૂર પડે તો અરીસાનો ઉપયોગ કરીને ઘા વાળી જગ્યા તપાસો. નીચેની બાબતો સામાન્ય છે:
    - થોડી લાલાશ.
    - હળવો સોજો.
    - સ્પશર્ કરવાથી દુખાવો થવો.
    - ગોઝ પેડ પર થોડા પર્માણમાં સ્વચ્છ અથવા સહેજ લોહી મિશિર્ત પર્વાહી નીકળવું.

પુનઃરચનાત્મક સજર્રી પછી તમારી ત્વચાની સંભાળ

જો તમારી પુનઃરચનાત્મક સજર્રી થઈ હોય, તો ડરે્ન દૂર કયાર્ પછી નીચે આપેલી સૂચનાઓનું પાલન કરો.

- જરૂર મુજબ દર 12 કલાકે પાટો બદલો.
- ડરે્ન દૂર કયાર્ પછી કેટલા સમય બાદ સ્નાન કરી શકાય તે વિશે તમારા સજર્ન તમને જણાવશે.
    - તમારી પુનઃરચનાત્મક (રિકન્સ્ટર્ક્ટિવ) સજર્રી પછી 4 થી 6 અઠવાડિયા સુધી ચીરાની જગ્યાને પાણીથી દૂર રાખો. બાથટબ કે સ્વિમિંગ પૂલમાં નાહશો નહીં અથવા ઘા વાળી જગ્યાને પાણીમાં ડૂબાડશો નહીં. વધુ માહિતી માટે *How To Care for Your Jackson-Pratt Drain* (www.mskcc.org/cancer-care/patient-education/video/how-care-your-jackson-pratt-drainage-system) જુઓ.
- આ જગ્યાને હળવેથી સાબુ વડે ધોઈ લો અને પછી ગરમ પાણીથી સાફ કરો. આ જગ્યાને હળવેથી થપથપાવીને સૂકવી લો.

- જરૂર પડે તો અરીસાનો ઉપયોગ કરીને આ જગ્યાની તપાસ કરો. નીચેની બાબતો સામાન્ય છે:
    - થોડી લાલાશ.
    - હળવો સોજો.
    - સ્પશર્ કરવાથી દુખાવો થવો.
    - ગોઝ પેડ પર થોડા પર્માણમાં સ્વચ્છ અથવા સહેજ લોહી મિશિર્ત પર્વાહી નીકળવું.

તમારા આરોગ્યસંભાળ પર્દાતાને ક્યારે કૉલ કરવો

તરત જ તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કોલ કરો જો:

- તમને ઘામાંથી ઘાટો લાલ રંગનો સ્તર્ાવ વહેતો જણાય.
- તમને 101 °F (38.3 °C) અથવા તેનાથી વધુ તાવ આવે.
- તમને તમારી ઇન્સશર્ન સાઇટ પર લાલાશ, સ્પશર્ કરવાથી થતો દુખાવો, સોજો, દબાણ અથવા પરુ વધતા જણાય.
- સજર્રી કરેલી જગ્યાની આસપાસની ત્વચા સ્પશર્ કરતાં ગરમ લાગે છે.
- તમે લોહીના ગંઠા (બ્લડ ક્લોટ)ને બલ્બ તરફ ખસેડી શકતા નથી અને બલ્બમાં બિલકુલ અથવા ખૂબ ઓછું પર્વાહી ભેગું થાય છે.

સોમવારથી શુકર્વાર સવારે 9 થી સાંજે 5 વાગ્યાની વચ્ચે તમારા આરોગ્યસંભાળ પર્દાતાને સંપકર્ કરો જો:

- જો ઘામાંથી નીકળતું પર્વાહી અચાનક ઓછું થઈ જાય અથવા છેલ્લા 24 કલાકમાં 100mL કરતાં વધી જાય.
- 24 કલાકના સમયગાળામાં નીકળતું પર્વાહી 30 મિલિલીટર (mL) કે તેથી ઓછું

હોય.

- ટ્યુબ તમારી ઇન્સશર્ન સાઇટમાંથી બહાર નીકળી જાય.
- તમે બલ્બને દબાવી શકતા નથી.
- તમને તમારા જેક્સન-પર્ેટ ડર્ેઇનની સંભાળ રાખવામાં કોઈ સમસ્યા આવતી હોય.

જો તમને કોઈ પર્શ્નો અથવા ચિંતાઓ હોય, તો તમારા આરોગ્ય સંભાળ પર્દાતાનો સંપકર્ કરો. સોમવારથી શુકર્વાર સવારે 9:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી તમારી સંભાળ ટીમના એક સભ્ય તમારા કૉલનો જવાબ આપશે. આ સમય સિવાય, જો તમે કોલ કરો, તો વૉઈસ મેસેજ છોડી શકો છો અથવા MSKના અન્ય આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરી શકો છો. કૉલ પર હંમેશા ડૉક્ટર અથવા નસર્ હોય છે. જો તમને ખાતરી ન હોય કે તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કેવી રીતે કરવો, તો 332-699-7260 પર કૉલ કરો.

તમારું જેક્સન-પર્ેટ ડર્ેનેજ લોગ

JP# ________

તારીખ	ટિપ્પણીઓ	સવાર	સાંજ	કુલ

તમારું જેક્સન-પર્ટ ડ્રેનેજ લોગ

JP# ________

તારીખ	ટિપ્પણીઓ	સવાર	સાંજ	કુલ

વધુ રિસોસર્ માટે, અમારી વચુર્અલ લાઈબરે્રી www.mskcc.org/peની મુલાકાત કરો

Caring for Your Jackson-Pratt Drain - Last updated on July 11, 2023
તમામ અધિકાર અને માલિકી હક મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર દ્વારા આરક્ષિત છે